દાખલ તારીખ : ૨૮/૦૯/૧૨
રજી.કર્યા તારીખ : ૨૮/૦૯/૧૨
નિકાલ તારીખ : ૨૭/૧૦/૨૩
**સમય : વર્ષ –માસ–દિવસ**

---

## ગોધરાની શ્રમ અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એચ.એ.મકા સાહેબ સમક્ષ.મું.ગોધરા

---

**રેફરન્સ (ટી.)નં.૧૯૧/૨૦૧૨**
**આંક : ૨૩**

**પ્રથમ પક્ષકાર : –** જનરલ મેનેજરશ્રી,
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
ગોધરા,તા.ગોધરા,જી.પંચમહાલ.

**– :: વિરુધ્ધ :: –**

**બીજા પક્ષકાર :–** શ્રી પ્રદિપકુમાર બાબુભાઈ ચૌહાણ
રહે.બહારપુરા,પુરાની વાસ,ગોધરા.
C/O ગુજરાત લેબર ફેડરેશન,
કાલોલ,જી.પંચમહાલ.

**પ્રતિનિધિત્વ :–**
પ્રથમ પક્ષકાર તરફે :– વિધ્વાન વકીલશ્રી ડી.જી.પી.શ્રી આર.એસ.ઠાકોર
બીજા પક્ષકાર તરફે :– પ્રતિનિધિશ્રી એ.એસ.ભોઈ

---

**વિષય :– ઔધોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ–૧૦(૧)હેઠળ ન્યાય નિર્ણય કરવા બાબત...**

---

**– :: એવોર્ડ ::–**

(૧) આ કામના પક્ષકારો વચ્ચે ઉદભવેલ ઔધોગીક તકરારની ફરીયાદ સંબધે મદદનીશશ્રમ આયુકતશ્રી, ગોધરા તરફથી તેઓના તા.૨૭/૦૯/૨૦૧૨ ના હુકમ નંબર–કે.એચ./એસ.એચ.એમ.સી./ગો./૯૯૫૮ થી અત્રેની મજુર અદાલત,ગોધરાને ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવેલ છે જેની અનુસુચિ નીચે મુજબ છે.

**– :: અનુસુચિ :: –**

**શ્રી પ્રદિપકુમાર બાબુભાઈ ચૌહાણને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?**

(૨) આ કામે બીજા પક્ષકારે તેમનું માંગણાનું નિવેદન આંક-૩ થી રજુ કરેલ છે,બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદનમાં જણાવેલ છે કે, આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થાને આઈ.ડી.એકટની તથા મોડલ સ્ટેન્ડીંગ ઓડર્સની તમામ જોગવાઈઓ લાગુ પડે છે અને તેઓ અમલ કરવા પ્રથમ પક્ષકાર બંધાયેલા છે. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારની સંસ્થામાં તા.૦૨/૦૮/૧૯૮૬ થી સફાઈ કામદાર તરીકેના હોદ્દાથી ફરજ બજાવતા હતા. બીજા પક્ષકારને જે તે સમયે માસીક રૂા.૯૫/- પગાર ચુકવતા હતા અને ત્યારબાદ વખતો વખત સરકારશ્રીના કલાકો પ્રમાણે નિયમ કરેલ પગાર ધોરણ અને છેલ્લે રૂા.૬૭૫/- પગાર ચુકવતા હતા. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારને ત્યાં કાયમી ધોરણની ફરજમાં હાજર થયા ત્યારથી ખુબજ ખંત અને ઈમાનદારીપૂર્વક ફરજ બજાવતા હતા. બીજા પક્ષકાર સંસ્થામાં સવારના ૯.૦૦ થી બપોરના ૨.૦૦ તથા સાંજના ૩.૦૦ થી ૫.૦૦ સુધી સફાઈ કામદાર તરીકે કામગીરી કરતા હતા. બીજા પક્ષકારેને તેઓની નોકરી બાબતે કોઈ ચાર્જશીટ, નોટીસ, મેમો, ખાતાકીય તપાસ કરી કોઈ નાનીમોટી શિક્ષાઓ કરેલ નથી. પ્રથમ પક્ષકારે મજુર પ્રથાનું આચરણ કરવાનુ શરૂ કરેલ અને ચેનકેન બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનુ પૂર્વ યોજીત કાવતરૂ શરૂ કરેલ પરંતુ બીજા પક્ષકાર નોકરી ખુબજ રેગ્યુલર અને વિવેક પૂર્વક કરવા છતાં પગાર વધારાની માંગણી બાબતની કિન્નાખોરી રાખી તા.૦૧/૦૬/૨૦૧૨ ના રોજથી નોકરીમાંથી છુટા કરી દીધા છે. બીજા પક્ષકારે નોકરીમાં હાજર થયા ત્યારથી છુટા કરેલ ત્યાં સુધી દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધુ કામગીરી કરેલ આમ આઈ.ડી. એકટની કલમ-૨૫(બી)મુજબ કાયમી કામદાર તરીકેના હકકો પ્રસ્થાપિત કરેલ છે બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરતા પહેલા પ્રથમ પક્ષકારે કોઈ પણ જાતની નોટીસ, નોટીસ પગાર, છટણી વળતર કે કોઈ પણ પ્રકારના હકકહિસ્સાના નાણા ચુકવ્યા ન હતા કે કોઈ પણ પ્રકારની સીનીયોરીટીનુ ધ્યાન દોર્યા સિવાય છુટા કરી આઈ.ડી.એકટની કલમ-૨૫ એચ અને ૨૫-એફ નો ભંગ કરેલ છે. બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા બીજી અન્ય જગ્યાએ નોકરી મેળવવા પ્રયત્ન કરવા છતાં નોકરી મળેલ નથી જેથી પ્રથમ પક્ષકારનું છુટા કરવાનું પગલુ ગેરકાયદેસર ઠરાવવા અરજ કરેલ છે તથા પડેલા પગાર સહીત સળંગ નોકરીથી પુન:સ્થાપિત કરવા અરજ કરેલ છે.

(૩) આ કામના પ્રથમ પક્ષકારને નોટીસની બજવણી થતા તેઓ ધ્વારા આંક-૯ થી તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે,જેમાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારે જણાવેલ તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે. વધુમાં જણાવેલ છે કે,બીજા પક્ષકાર દૈનિક ત્રણ કલાકના ધોરણે શરૂઆતમાં માસીક રૂા.૯૫/- ના મહેનતાણાથી કામે આવતા હતા,તેઓ કચેરીમાં અંશકાલીન સફાઈ કામદાર તરીકે તદન હંગામી

ધોરણે આવતા હતા અને તેઓના ખર્ચ પણ કચેરીના કન્ટીજન્સી હેડે કરવામાં આવતો હતો. કચેરીમાં સફાઈ કામદાર તરીકેની કોઈ કાયમી કે હંગામી જગ્યા નથી અને કચેરી એક સરકારી કચેરી છે જેમા બીજા પક્ષકાર અંશકાલીન સફાઈ કામદાર તરીકે તદન હંગામી ધોરણે કામ કરતા અને અને તેઓ તેમની ફરજ નિયમિતપણે બજાવતા ન હતા. બીજા પક્ષકાર વારંવાર ગેરહાજર રહેતા હતા અને ગેરહાજરી બાબતના કારણની જાણ પણ કરતા ન હતા જેથી બીજા પક્ષકારને કચેરીના પત્રોથી લેખિતમાં તાકીદ કરેલ છે અને વારંવાર સુચનાઓ પણ આપવામાં આવેલ છે. હાલમાં બીજા પક્ષકારના પત્ની લીલાબેન આઉટસોર્સ એજન્સી મારફતે સફાઈ સેવક તરીકે કામગીરી કચેરીમાં કરે છે. પ્રથમ પક્ષકાર સંસ્થા એ ઉદ્યોગની ન હોઈ બીજા પક્ષકારનો રેફરન્સ ખર્ચ સહીત રદ કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૪) આ કામના બીજા પક્ષકાર તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક પુરાવા રજુ કરેલા છે.

| **અનુ.નં..** | **મૌખિક પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | બીજા પક્ષકાર પ્રદિપકુમાર બાબુભાઈ ચૌહાણની– સરતપાસના સોગંદનામા ઉપરની જુબાની. | ૧૦ |

આ કામના બીજા પક્ષકારે આંક–૧૯ થી પોતાનો પુરાવો પુરો થયાનુ જાહેર કરતી પુરસીસ રજુ કરેલ છે.

(૫) આ કામના પ્રથમ પક્ષકાર તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

| **અનુ.નં..** | **મૌખિક પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | પ્રથમ પક્ષમકાર તરફે સાહેદ કૃષ્ણકાંત કુલજીભાઈ – પટેલની સરતપાસનાસોગંદનામા ઉપરની જુબાની. | ૨૦ |

| **અનુ.નં..** | **દસ્તાવેજી પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | બીજા પક્ષકારની ફરીયાદ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવેલ તીની નકલ. | નિ.૧૧/૧ |
| (૨) | બીજા પક્ષકારની અપીલ એડમીટ કરવામાં આવતી નથી તેનો નિર્ણય લેવામાં આવેલ છે તેની નકલ. | નિ.૧૧/૨ |
| (૩) | અંશકાલીન કર્મચારીઓની ભરતી બંધ કરવા અંગેનો પત્ર. | નિ.૧૧/૩ થી નિ.૧૧/૫ |
| (૪) | અંશકાલીન કર્મચારીઓની ભરતી બંધ થતા કચેરીઓમાં | નિ.૧૧/૬ |

સફાઈ વ્યવસ્થા કરવા બાબતનો પત્ર.

(૫) બીજા પક્ષકારને સફાઈ કામગીરી બાબતે નોટીસ આપતો પત્ર. નિ.૧૧/૭ થી નિ.૧૧/૧૧

(૬) જીલ્લાની કચેરીઓમાં આનુષાંગિક સેવા–સફાઈ કામ અને ફાઈલો પહોંચાડવા સહીતની કામગીરીનો પરીપત્ર. નિ.૧૧/૧૨

(૭) સરકારી કચેરીઓમાં સુવિધા વ્યવસ્થાપન સેવા મેળવવા બાબતનો પત્ર. નિ.૧૧/૧૩

(૮) પંચમહાલ જીલ્લા માટે સુવિધા વ્યવસ્થાપન સેવા માટે ઈમ્પ્રેશન સીસ્ટમ પ્રા.લી. અમદાવાદને એજન્સી તરીકે નકકી કરવા બાબબતનો પત્ર. નિ.૧૧/૧૪

(૯) અંશકાલીન કર્મચારીઓને છુટા કરવા બાબત તથા ઠરાવમાં થયેલ જોગવાઈ મુજબ જીલ્લા કલેકટરશ્રી ધ્વારા નકકી કરવામાં એજન્સી મારફતે માણસો રાખવા બાબતનો પત્ર. નિ.૧૧/૧૫

(૧૦) બીજા પક્ષકારને એજન્સી ધ્વારા આપવામાં આવેલ વર્ક ઓર્ડર. નિ.૧૧/૧૬

(૧૧) લીલાબેનને એજન્સી ધ્વારા આપવામાં આવેલ વર્ક ઓર્ડર. નિ.૧૧/૧૭

(૧૨) પાર્ટટાઈમ એમ્પ્લોયીને વેતનના દર બાબતનો પત્ર. નિ.૧૧/૧૮

(૧૩) ઉપ,સચિવશ્રી નાણા વિભાગનાએ અંશકાલીન કર્મચારીઓની ભરતી બંધ કરવા માટે કરેલ ઠરાવ. નિ.૧૬/૧

(૧૪) કમીશનર અને સચિવશ્રી, કુટીર અને ગ્રામોધોગ, ગુજરાત રાજય ગાંધીનગર ધ્વારા બહાર પાડવામાં આવેલ દફતર સાચવણી માટે ની સમય સુચીની નકલ. નિ.૧૬/૨

(૧૫) નિવાસી નાયબ કલેકટરશ્રી ગોધરા ધ્વારા મે.ઈમ્પ્રેશન સીસ્ટમ ને આપેલ હુકમની નકલ. નિ.૧૬/૩

(૧૬) નાયબ ઉધોગ કમીશનર અને જનરલ મેનેજર, જીલ્લા ઉધોગ કેન્દ્ર ગોધરાનાએ મે.ઈમ્પ્રેશન સીસ્ટમ પ્રા.લી.ને આઉટ સોર્સથી કચેરીની સફાઈ કરવા માટે લખેલ પત્ર. નિ.૧૬/૪

(૧૬) બીજા પક્ષકારને વર્ક ઓર્ડરની નકલ મોકલાવતા અગાઉ લખેલ ફોર્વર્ડીંગ લેટર. નિ.૧૬/૫

(૧૭) પ્રથમ પક્ષકરો ઈમ્પ્રેશન સીસ્ટમને આઉટ સોર્સથી કચેરીની સફાઈ કરવા લખેલ પત્ર. નિ.૧૬/૬

(૧૮) બીજા પક્ષકારને ઓર્ડર મળવા છતાં તેઓ હાજર ન થયા તેથી તેમના પત્નીને વર્ક ઓર્ડર આપ્યો તેની ઝેરોક્ષ. નિ.૧૬/૭

(૧૯) બીજા પક્ષકારની જાન્યુઆરી–૨૦૦૪ થી જુન–૨૦૧૧ સુધી ચુકવવામાં આવેલ મહેનતાણાની રકમ દર્શાવતુ પત્રક. નિ.૧૬/૧૮

આ કામના પ્રથમ પક્ષકારે આંક–૨૧ થી પોતાનો પુરાવો પુરો થયાનુ જાહેર કરતી પુરસીસ રજુ કરેલ છે.

(૬) આ કામના બીજા પક્ષકાર તરફે તેઓના વિધ્વાન પ્રતિનીધીશ્રીની મૌખીક દલીલ સાંભળેલ છે જેમાં તેઓ દવારા જણાવેલ છે કે,આ કામના બજા પક્ષકાર દવારા પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામગીરી કરેલ છે તેનો મૌખીક પુરાવો આપેલ છે જેની સામેનો વિરૂધ્ધનો કોઈ પુરાવો પ્રથમ પક્ષકાર તરફે આપેલ નથી બીજા પક્ષકાર દવારા ૨૪૦ દિવસથી વધારે કામગીરી કરેલ છે જે બાબતે પ્રથમ પક્ષકાર દવારા વિરૂધ્ધના કોઈ દસ્તાવેજો રજુ કરવામાં આવેલ નથી કે આવા કોઈ દસ્તાવેજો અમોને આપવામાં આવેલા નથી જેથી રજુ કરેલ નથી,પ્રથમ પક્ષકાર દવારા અમોને દરેક મહીને હુકમ આપતા હોવાનો કોઈ આધાર પુરાવો રજુ કરવામાં આવેલ નથી,તેમજ તેઓ દવારા અદાતલના હુકમ કરવા છતા દસ્તાવેજો રજુ કરેલ નથી જેથી તેઓની સામે આ બાબતે વિરૂધ્ધનું અનુંમાન કરવા અરજ કરેલ છે,આમ બીજા પક્ષકાર દવારા સંસ્થામાં કાયમી રીતે સળંગ નોકરસી કરેલ હોવા છતા બીજા પક્ષકાર ને છુટા કરતી વખતે કોઈ નોટીસ,નોટીસ પગાર કે બીજા કોઈ લાભો આપેલ નહી જેથી ઔધોગિક વિવાદ ધારાની કલમ–૨૫(એફ)નું પાલન કરેલ નથી જેથી બીજા પક્ષકારની ગેરકાયદેસર છટણી કરેલ હોય આ તમામ સંજોગો માં હાલનો રેફરન્સ મંજુર કરી પડેલ પગાર સહીત તેમજ અન્ય લાભો સહીત સળંગ નોકરીથી પુન:સ્થાપિત કરવા તેવી અરજ કરેલ છે.

આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે વિધ્વાન ડી.જી.પી.શ્રી આર.એસ.ઠાકોર દવારા આંક–૨૨ થી પોતાની લેખીત દલીલ રજુ કરેલ છે તેમજ પોતાની દલીલના સમર્થનમાં તેઓ દવારા નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં.૭૦૫૯/૨૦૦૮ ના કામે થયેલ હુકમની નકલ તથા નામદાર સુપ્રિમકોર્ટની એ.આઈ.આર.૨૦૦૪.એસ.સી..૪૬૮૧ મ્યુનીસીપલ કોર્પોરેશન ફરીદાબાદ વી શ્રીનીવાસ ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

(૭) આ કામે રેકર્ડ ધ્યાને લેતાં,માંગણાનું નિવેદન તથા જવાબ ધ્યાને લેતાં આ કામના નિર્ણય માટે તથા મદદનીશ શ્રમ આયુકતશ્રી,ગોધરાએ કરેલ રેફરન્સના મુખ્ય મુદ્દો કે બીજા પક્ષકારને તેમની મુળ

જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? તેના નીર્ણય માટે મારી સમક્ષ નીચેના મુધ્દાઓ ઉપસ્થીત થયેલ છે.

**-:: મુધ્દા ::-**

(૧) શુ બીજા પક્ષકાર પુરવાર કરે છે કે,તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં ફરજ બજાવતા હતા અને તેઓનો કામદારની વ્યાખ્યામાં સમાવેશ થાય છે ?

(૨) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે,તેઓને પ્રથમ પક્ષકાર ધ્વારા નોકરીમાંથી છુટા કરેલ છે ?

(૩) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે,તેમણે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયદાની કલમ-૨૫(બી)મુજબ સળંગ નોકરી કરેલી છે ?

(૪) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે,તેઓને પ્રથમ પક્ષકાર ધ્વારા ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ છે ?

(૫) શું બીજા પક્ષકાર માંગણાના નિવેદનમાં માંગ્યા મુજબ નોકરીમાં પુન:સ્થાપિત થવા તથા પડેલા દિવસોના પગાર મેળવવા અથવા યોગ્ય વળતર મેળવવા હકકદાર છે ?

(૬) શું હુકમ ?

(૮) ઉપરોકત મુધ્દાઓના નિર્ણય નીચે મુજબ છે.

**-:: નિર્ણય ::-**

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) હકારમાં.

(૪) હકારમાં.

(૫) અંશત:હકારમાં.

(૬) આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોકત મુધ્દાઓના નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**-: કારણો:-**

(૧૦) મુધ્દાનં.૧ ::-

આ કામના બીજા પક્ષકાર દવારા રજુ કરેલ પુરાવો જોતા આ કામે બીજા પક્ષકાર ધ્વારા તેમના માંગણા ના નિવેદનમાં તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૦૨/૦૮/૧૯૮૬ થી સફાઈ કામદાર તરીકેના

હોદ્દાથી ફરજ બજાવતા હોવાની હકકીત જણાવેલ છે તેમજ આ લગત તેઓના સરતપાસના સોગંદનામા ઉપર પુરાવો આપેલ છે તેમજ આ કામના પ્રથમ પક્ષકાર દવારા પોતાના લેખીત જવાબમાં બીજા પક્ષકાર તેઓની સંસ્થામાં કાયમી કામદાર તરીકે કામ કરતા હોવાનો ઈન્કાર કરેલ છે અને તેઓને તદન અંશકાલીન ધોરણે કામ કરતા હોવાનો અને તેઓની કામગીરી પ્ર માણે તેઓને મહેનતાણું ચુકવવામાં આવતુ હોવાનો બચાવ લીધેલ છે,આમ તેઓ તરફે બીજા પક્ષકાર તેઓના કામદાર નહી હોવાની સ્પસ્ટ તકરાર લીધેલ નથી પરંતુ માત્ર તેઓ અંશકાલીન કામદાર હોવાની તકરાર લીધેલ છે અને આવા સંજોગોમાં બીજા પક્ષકાર કામદાર ગણી શકાય નહી તેમ દલીલ કરેલ છે આ બાબતે **નામદાર સુપ્રિમકોર્ટના ડીવીઝનલ મેનેજર,ન્યુ ઈન્ડીયા એશ્યોરન્સ કંપની લીમીટેડ વિરુધ્ધ એ.શંકરલીંગમના કેસમાં** તા.૩/૧૦/૦૮ ના રોજ આપવામાં આવેલ ચુકાદાની વિગતો ઘ્યાને લેતા તેમાં પણ અંશકાલીન સ્વીપર કમ વોટર હેલ્પર તરીકે માસિક રૂા.૧૩૦/—ના પગારથી નિમણુંક કરવામાં આવેલા શ્રમયોગીને રેગ્યુલરાઈઝેશન માટે અરજી કરવામાં આવતા મૌખિક હુકમ થી સંસ્થા ઘ્વારા છુટા કરવામાં આવેલા જેને ઔદ્યોગિક ન્યાયપંચ સમક્ષ પડકારવામાં આવતા શ્રમયોગીનો સમાવેશ કાયદાની કલમ—(ર)(એસ)થી આપેલ કાયદાનીવ્યાખ્યામાં શ્રમયોગી પાર્ટ ટાઈમ અને તદન હંગામી ધોરણે હોઈ થતો નથી તેમ ઠરાવી રેફરન્સ રદ કરવામાં આવેલો જેને નામદાર મદ્રાસ હાઈકોર્ટમાં પડકારવામાં આવતા નામદાર હાઈકોર્ટે ટ્રીબ્યુનલનો હુકમ રદ કરી શ્રમયોગીને કુલ બેક વેજીસ સાથે પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરેલો અને તેઓની રેગ્યુલરાઈઝેશનની બાબત કાયદા પ્રમાણે વિચારણામાં લેવાનો હુકમ સંસ્થા વિરુધ્ધ કરેલો સદર હુકમ સંસ્થા એ કલમ—રપ(એફ)નું પાલન કરેલુ ન હોઈ ગેરકાયદેસર રીતે છુટા કરેલા હતા તે કારણે અને કાયદાની કલમ—ર(એસ)તથા રપ(બી)પાર્ટટાઈમ કર્મચારીઓને લાગુ પડે છે તે કારણે કરવામાં આવેલો નામદાર હાઈકોર્ટનો સદર હુકમ નામદાર ડીવીઝન બેંચે પણ કાયમ રાખેલો જેની સામે સંસ્થા નામદાર સુપ્રિમકોર્ટમાં ગયેલ નામદાર સુપ્રિમકોર્ટે જુદાજુદા જજમેન્ટો ઘ્યાને લઈ પાર્ટટાઈમ કર્મચારીનો પણ કામદારની વ્યાખ્યા માં સમાવિષ્ટ થાય છે અને તેઓ કલમ—રપ(એફ)નું પ્રોટેકશન મેળવવા હકકદાર થાય છે તેમ ઠરાવી અપીલ રદ કરવામાં આવેલ છે.આમ આ ચુકાદાની હકીકતો સાથે હાલના કેસની હકકીતો જોતા બીજા પક્ષકાર પણ અંશકાલીન સફાઈ કામદાર તરીકે કામગીરી કરતા હતા અને તેઓને છુટા કરવામાં આવેલ છે જેથી તેઓ દવારા હાલનો રેફરન્સ કરેલ છે અને જયારે પ્રથમ પક્ષકાર સંસ્થા દવારા તેઓ કામગીરી કરતા હોવાનો સ્વીકાર કરેલ હોય જેથી ઉપરોકત ચુકાદા મુજબ અંશકાલીન કામદાર પણ ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ—ર(એસ)મુજબના કામદાર ગણાય તેમજ બીજા પક્ષકારની સફાઈ કામદાર તરીકેની કામગીરી જોતા તેઓ મેનેજમેન્ટ કે,સુપરવાઈઝરી કે,એડમીનીસ્ટ્રેશન પ્રકારની કામગીરી

કરતા ના હોઈ તેમજ આવી કોઈ તકરાર પણ પ્રથમ પક્ષકાર દવારા લેવામાં આવેલ ના હોય તે સંજોગો માં કાયદાની કલમ–2(S) ધ્યાને લેતાં બીજા પક્ષકારનો ઔદ્યોગિક વિવાદ ધારા મુજબ કામદારની વ્યાખ્યામાં સમાવેશ થાય છે તથા ઉપર જણાવ્યા મુજબ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર ની સંસ્થા માં સફાઈ કામદાર તરીકે કામ કરતા હોઈ ફરજ બજાવતા હતા અને તેઓનો કામદારની વ્યાખ્યામાં સમાવેશ થાય છે તેમ સાબીત કરવામાં સફળ રહેલ છે તેથી મુદ્દાનં.૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

(૧૧) મુદ્દાનં.૨ ::–

આ કામે બીજા પક્ષકાર ધ્વારા તેમના માંગણાના નિવેદનમાં પ્રથમ પક્ષકાર દવારા તેમની નોકરીના સમયગાળા દરમ્યાન પગાર વધારાની માંગણી કરવાથી બીજા પક્ષકારને કોઈ પણ જાતના વાંક–ગુન્હા વગર મૌખિક હુકમથી તા.૦૧/૦૬/૨૦૧૨ના રોજથી નોકરીમાં થી છુટા કરી બેકારી બનાવી દીધેલ હોવાનું જણાવેલ છે જેનો પોતાના જવાબમાં પ્રથમ પક્ષકાર દવારા ઈન્કાર કરવામાં આવેલ છે અને જણાવેલ છે કે,સરકારશ્રીના સમાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૧૦ ના ઠરાવ મુજબ કચેરીઓની સફાઈ માટે આઉટસોર્સથી સેવાઓ મેળવવાની સુચના બહાર પાડેલ હોય બીજા પક્ષકારને આઉટસોર્સથી કામ કરવા માટે વર્ક ઓર્ડર મોકલી આપવામાં આવેલ તેમ છતા તેઓ દવારા સ્વીકારેલ નહી,આ બાબતે બીજા પક્ષકાર દવારા પોતાના સરતપાસના પુરાવામાં પણ આ જ બાબતેનો સમર્થનકારી મૌખીક પુરાવો આપેલ છે અને પ્રથમ પક્ષકાર તરફે તેઓના આ મૌખીક પુરાવાની વિરૂધ્ધની કોઈ હકીકત તેઓની તરફેણમાં ઉલટતપાસમાં કઢાવી શકેલ નથી તેમજ પ્રથમ પક્ષકાર દવારા રજુ કરવામાં આવેલ જવાબ ધ્યાને લેતા વિરૂધ્ધના કોઈ પુરાવાના અભાવે બીજા પક્ષકાર દવારા તા.૦૧/૦૬/૨૦૧૨ સુધી કામગીરી કરેલ હોવાનુંનં ફલીત થાય છે.વધુમાં પ્રથમ પક્ષકાર દવારા તેઓની ઉલટતપાસમાં બીજા પક્ષકારને આઉટસોર્સથી કામગીરી કરવા જણાવા છતા તેઓ દવારા વર્ક ઓર્ડર સ્વીકારેલ નહી તેમ જણાવેલ છે,પરંતું સ્વાભાવીક રીતે જ બીજા પક્ષકાર દવારા સળંગ અને કાયમી કામગીરી કરતા હોય તેમ છતા તેઓને અન્ય એજન્સી મારફતે આઉટસોસીગ એજન્સી મારફતે કામ કરવાનું જણાવામાં આવે તો તેઓ તેનો સ્વીકાર કરે નહી તેમજ પ્રથમ પક્ષકારના સાહેદ દવારા પણ બીજા પક્ષકારને છુટા કરેલ નહી પરંતું તેઓને બીજો ઓર્ડર આપેલ નહી તેમ જણાવેલ છે તેમ છતા આ કામે આવા કોઈ મહીનાના ઓર્ડર બીજા પક્ષકાર ને આપવામાં આવતા હોય તો તે આ કામે રજુ કરેલ નથી તેમજ સંસ્થાએ બીજા પક્ષકારની સેવા લેવાનું બંધ કરેલ હોવાનું પણ સ્વીકારેલ છે તેમજ આટલા લાંબા સમય સુધી નોકરી કરેલ હોવા છતા તેઓ નહી આવતા તેઓને નોકરીમાં હાજર રહેવા કોઈ નોટીસ કે જાણ કરેલ હોવાનો કોઈ કેસ રજુ કરવામાં

આવેલ નથી તેમજ આવા કોઈ આધાર પણ રજુ કરવામાં આવેલ નથી,વધુમાં બીજા પક્ષકાર દવારા રજુ કરેલ દસ્તાવેજો જોતા બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારને ત્યાં કામગીરી કરતા હોવાનું પુરવાર થયેલ છે અને સ્વાભાવીક રીતે જ કોઈ કામદાર પોતાની રોજીનું સાધન એવી નોકરી ઉપર કોઈ પણ જાતના કારણ વગર આવવાનું બંધ કરી દે તેવું પણ માનવા ને કારણ ઉપસ્થીત થતુ નથી,તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા સદરહું હકીકત વિરૂધ્ધનો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે તેઓ દવારા બીજા પક્ષકારને કામગીરી માટે હાજર રહેવા જાણ કરેલ હોય કે કોઈ નોટીસ આપેલ હોય તેવો પણ કોઈ આધાર રજુ કરેલ નથી તેમજ અદાલત દવારા છુટા કર્યાના અગાઉના દસ્તાવેજો રજુ કરવાનો હુકમ કરવા છતા તેઓ દવારા જુન.૨૦૧૧ સુધીના દસ્તાવેજો રજુ કરેલ છે તે બાદના કોઈ દસ્તાવેજો રજુ કરેલ નથી તે સંજોગોમા સંજોગોમાં બીજા પક્ષકાર ધ્વારા તેમના પુરાવા સોગંદનામામાં જણાવેલ હકીકત કે તેઓને પ્રથમ પક્ષકાર ધ્વારા છુટા કરવામાં આવેલ છે તેવી હકીકત જણાવેલ છે તે નહી માનવાને કોઈ કારણ જણાતુ નથી આમ બીજા પક્ષકાર તેઓને પ્રથમ પક્ષકાર ધ્વારા તા.૦૧ /૦૬/૨૦૧૨ ના રોજથી નોકરીમાંથી છુટા કરેલ હોવાની હકીકત પુરવાર કરવામાં સફળ રહેલ છે જેથી મુદ્દા નં.ર નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

(૧૨)મુદ્દાનં.૩ ::-

આ કામે બીજા પક્ષકાર ધ્વારા તેમના માંગણા નિવેદન તથા પુરાવા સોગંદનામામાં જણાવ્યા મુજબ તેઓ પ્રથમ પક્ષકારને ત્યાં તા.૦૨/૦૮/૧૯૮૬ થી સફાઈ કામદાર તરીકેની કામગીરી કરતા હોવાની અને આવી કામગીરી તેઓ નોકરીમાં હાજર થયા ત્યારથી છુટા કરેલ તા.૦૧/૦૬/૨૦૧૨ના રોજ સુધી દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધુ કામગીરી કરેલ હોવાની હકીકત જણાવેલ છે,જયારે પ્રથમ પક્ષકાર તરફે તેઓની આ હકીકતનો સ્પસ્ટ ઈન્કાર કરવામાં આવેલ નથી પરંતું તેઓની મુખ્ય તકરાર બીજા પક્ષકાર દવારા અંશકાલીન કામદાર તરીકે કામગીરી કરેલ હતી અને તેઓ કાયમી કામદાર ના હતા તેવી છે,આમ પ્રથમ પક્ષકાર સંસ્થાની સદરહુ તકરાર ધ્યાને રાખી આઈ.ડી. એકટની કલમ-૨૫(બી)માં આપવામાં આવેલ 'સળંગ નોકરી' ની વ્યાખ્યા વંચાણે લેતા તે મુજબ કોઈ કામદાર,બિમારી અથવા અધિકૃત રજા અથવા અકસ્માત અથવા ગેરકાયદેસર ન હોય એવી હડતાલ અથવા તેની કોઈ કસુરના લીધે ન હોય તેવી તાળાબંધી અથવા કામબંધી ને કારણે ખંડિત થાય તેવી નોકરી સહિતની અખંડ નોકરીમાં હોય તો તેટલી મુદત સુધી સળંગ નોકરીમાં છે એમ કહેવાય.વધુમાં કલમ-૨૫(બી) (૨)મુજબ જયારે કામદાર એક વર્ષની સળંગ નોકરીમાં ન હોય ત્યારે તેને છુટા કર્યાના અગાઉ ના સમયગાળા દરમ્યાનના નોકરીના ૨૪૦ દિવસો ધ્યાને લેવા આવશ્યક છે,કલમ-૨૫(બી)માં જણાવેલ સળંગ નોકરીની વ્યાખ્યા તે કામદારની કામગીરીનો સમગ્ર સમય સૂચવે છે જો કામદારની કામગીરી

દરમ્યાન કેટલોક સમય માલિક તે કામદારને કામ આપી ન શકે,અને આ પ્રકારે કામની મોકુફી માં કામદારની કોઈ કસુર ન હોય,તો તેવા સંજોગોમાં કામદારની કામગીરીમાં કોઈ ભંગ ગણી શકાય નહી અને આવા કામદારની કામગીરી સળંગ ચાલુ હોવાનું માની શકાય,બીજા પક્ષકાર દવારા તેઓની ઉલટતપાસમાં આ પુરાવાની વિરૂધ્ધની બાબત રેકર્ડ પર આવેલ નથી તેમજ સંસ્થા તરફે રજુ કરવામાં આવેલ મહેનતાણાની વિગત જોતા બીજા પક્ષકાર જાન્યુઆરી.૨૦૦૪ થી જુન.૨૦૧૧ સુધી કામગીરી કરેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે તેમજ અદાલત દવારા બીજા પક્ષકારની છુટા કર્યાની તા.૦૧ /૦૬/૨૦૧૨ ના રોજથી અગાઉના પગારપત્રક,પગાર ચુકવણીને લગતા દસ્તાવેજો રજુ કરવાનો હુકમ કરવામાં આવેલ તેમ છતા તેઓ તરફે જુન.૨૦૧૧ થી તા.૦૧/૦૬/૨૦૧૨ સુધીના દસ્તાવેજો રજુ કરેલ નથી તેમજ સંસ્થા દવારા બીજા પક્ષકારને તા.૦૧/૦૬/૨૦૧૨ ના રોજ છુટા નહી કરેલાનો કે તેઓને તે પહેલા છુટા કરવામાં આવેલ હોવાનો સ્પસ્ટ બચાવ પણ લીધેલ નથી અને સંસ્થા તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજો પૈકી નિ.૧૬/૧ થી રજુ થયેલ વર્ક ઓર્ડર તા.૨૭/૦૭/૧૨ ના રોજનો છે તે ધ્યાને લેતા પણ આ નવો વર્ક ઓર્ડર આપતા અગાઉ બીજા પક્ષકારને તા.૦૧/૦૬/૨૦૧ ૨ ના રોજ છુટા કરેલ હોવાનું માની શકાય તેમ છે,તેમજ આ કામના પ્રથમ પક્ષકારના સાહેદ દવારા પોતાના પુરાવાના સોગંદનામાંમાં બીજા પક્ષકારને સને.૨૦૦૩ થી કામગીરી ઉપર રાખવામાં આવેલ હોવાનો પુરાવો આપેલ છે જે બાબત ધ્યાને લેતા બીજા પક્ષકાર દવારા સને.૨૦૦૩ થી તા.૦૧ /૦૬/૨૦૧૨ સુધી સંસ્થામાં કામગીરી કરેલ હોવાનું પુરવાર થાય છે.આમ આ રેકર્ડ તથા માહીતી જોતા આ કામના બીજા પક્ષકાર દવારા પ્રથમ પક્ષકાર સંસ્થામાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫ (બી)(૧)મુજબની ૧ વર્ષની સળંગ કામગીરી કરેલાનું રેકર્ડ પણ જણાય છે તેમજ છુટા કર્યાના અગાઉના ૧૨ માસ દરમ્યાન પણ બીજા પક્ષકાર કામગીરીમાં ગેરહાજર રહેલ હોવાનો બચાવ લેવામાં આવેલ નથી જેથી બીજા પક્ષકાર દવારા ૨૪૦ દિવસથી ઓછા નહી તેટલા દિવસની કામગીરી કરેલ હોવાનું પુરવાર થતુ હોય ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫(બી)(૧)તથા (૨) મુજબ પણ સળંગ કામગીરી કરેલ હોવાનું પણ પુરવાર થતુ હોય,આ તમામ હકીકત ધ્યાને લેતાં તેમજ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તેમજ ચુકાદામાં પ્રસ્થાપીત સીધ્ધાંતો ધ્યાને લેતા બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫(બી) મુજબ સળંગ નોકરી કરેલી હોવાનું પુરવાર કરવામાં સફળ રહેલ હોય મુધ્દા નં.૩ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

(૧૩) મુધ્દાનં.૪ ::–

આ કામે બીજા પક્ષકાર ધ્વારા તેમના માંગણાના નિવેદન તથા પુરાવાના સોગંદનામામાં જણાવ્યા મુજબ પ્રથમ પક્ષકારે તેઓને કોઈ પણ જાતની નોટીસ આપ્યા સિવાય,નોટીસ વળતર આપ્યા

સિવાય,કે કોઈ પણ તપાસ કર્યા સિવાય તેમને ગેરકાયદેસર રીતે મૌખીક હુકમથી છુટા કરવામાં આવેલ,બીજા પક્ષકારની સોગંદ ઉપરની આ હકીકત વિરૂધ્ધની કોઈ હકીકત પ્રથમ પક્ષકાર તરફેની ઉલટતપાસમાં આવેલ નથી,પ્રથમ પક્ષકાર ધ્વારા તેમના જવાબમાં પણ બીજા પક્ષકારને કોઈ નોટીસ, નોટીસ વળતર આપેલ હોય કે ઈન્કવાયરી કરેલ હોય તેમ જણાવેલ નથી,બીજા પક્ષકાર ધ્વારા સોગંદ પર જણાવેલ હકીકતનું ખંડન કરવા પ્રથમ પક્ષકાર ધ્વારા નોટીસ વળતર કે કોઈ પણ ઈન્કવાયરી કરેલ હોય તેવો મૌખિક પુરાવા કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે પ્રથમ પક્ષકારનો તેવો કેસ નથી,પ્રથમ પક્ષકાર તરફે નોટીસ કે છટણી વળતર આપ્યા અંગેનો પુરાવો પણ રજુ થયેલ નથી,વધુમાં પ્રથમ પક્ષકાર દવારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજો ધ્યાને લેતા તેમજ અગાઉ મુદા નં.૩ માં ચર્ચા કર્યા મુજબ બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયદાની કલમ-૨૫(બી)મુજબ સળંગ નોકરી કરેલી હોઈ, તે સંજોગોમાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકાર ને ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫(એફ)માં જણાવેલ આવશ્યક કાર્યવાહીનું પાલન કર્યા સિવાય છુટા કરેલા હોય તે રીતે બીજા પક્ષકારને ગેરકાયદેસર છુટા કરેલ છે તે તમામ સંજોગોમાં બીજા પક્ષકારે તેઓને પ્રથમ પક્ષકાર ધ્વારા ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ હોવાનું સાબીત કરવામાં સફળ રહેલ હોય મુધ્દા નં.૪ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

(૧૪) મુધ્દાનં.૫ ::-

ઉપરોકત ચર્ચા કર્યા મુજબ બીજા પક્ષકાર ધ્વારા છુટા કર્યાના અગાઉના વર્ષ દરમ્યાન કાયદાની કલમ-૨૫(બી) મુજબ સળંગ નોકરી કરેલી હોય તેમજ બીજા પક્ષકારને કાયદાની કલમ-૨૫(એફ)ની આવશ્યક જોગવાઈ નો ભંગ કરી ગેરકાયદેસર છુટા કરેલ હોય તે સંજોગોમાં હાલના કેસની હકીકતો ધ્યાને લેતા આ કામના બીજા પક્ષકાર તરફે તેઓને સંસ્થા દવારા ગેરકાયદેસર રીતે છુટા કરી દીધેલ હોય તેઓને પડેલ દિવસો ના પુરા પગાર સાથે સળંગ નોકરીમાં પુન:સ્થાપીત કરવાની દાદ મંજુર કરવા અરજ કરેલ છે તે સંજોગોમાં હાલના કેસની હકીકતો ધ્યાને લેતા બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થા માં સળંગ નોકરી કરેલ હોય તેમજ બીજા પક્ષકારને કાયદાની કલમ-૨૫(એફ),નો ભંગ કરી ગેરકાયદેસર છુટા કરેલ હોય તે સંજોગોમાં હાલના કેસની હકીકતો ધ્યાને લેતા આ કામના બીજા પક્ષકાર સફાઈની કામગીરી કરતા હતા,પ્રથમ પક્ષકાર સંસ્થા બંધ થયેલ હોવાનો કેસ રજુ કરવામાં આવેલ નથી પરંતું સંસ્થામાં હાલમાં બીજા પક્ષકારની જગ્યાએ તેઓના પત્ની આઉટસોસીગ એજન્સી મારફતે કામગીરી કરતા હોવાનો બચાવ લેવામાં આવેલ છે,વધુમાં બીજા પક્ષકારની ઉમર તેઓની મજુર કમિશ્નરશ્રીની ફરીયાદમાં ૪૬ વર્ષ જણાવેલ છે જે ફરીયાદ સને.૨૦૧૨ માં આપવામાં આવેલ છે જેથી હાલમાં તેઓની ઉમર ૫૭ વર્ષની હોવાનું માની શકાય તેમ છે જે મુજબ બીજા પક્ષકારની

નિવૃતીનો સમય બાકી છે તેમજ હાલમાં પણ બીજા પક્ષકાર કરતા હતા તે સફાઈની કામગીરી રોજ રોજ ચાલતી હોવાનું રેકર્ડ પર આવેલ છે અને આ કામના બીજા પક્ષકાર દવારા તો રેફરન્સ જ નોકરીમાં પુન:સ્થાપીત થવા માટે કરેલ છે અને તે મુજબ અનુંસુંચી પણ અદાલત માં મોકલવામાં આવેલ છે જે ધ્યાને લેતા પ્રથમ પક્ષકાર દવારા બીજા પક્ષકાર ને કાયદાકીય પ્રક્રિયા કર્યા વગર ગેરકાયદેસર છુટા કરેલ હોય બીજા પક્ષકારને પુન:સ્થાપિત કરવાનો હુકમ કરવાનું ન્યાયોચીત જણાય છે,હવે આ કામના બીજા પક્ષકારને નોકરીમાં પુન:સ્થાપતી કરવાનો હુકમ કરવામાં આવી રહેલ હોય આ કામના બીજા પક્ષકાર પડેલા દિવસોનો પગાર મેળવવા હકદાર થાય છે કે નહી તે નકકી કરવાનું રહે છે આ બાબત નકકી કરવા માટેની કાયદામાં કોઈ સ્ટ્રેઈટ જેકેટ ફોર્મ્યુલા નથી આ બાબત દરેક કેસની હકીકત તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવાના આધારે નકકી કરવાનું હોય છે.આ બાબતે નામદાર સુપ્રિકોકર્ટ તથા હાઈકોર્ટ દવારા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો અનુસાર પડેલા દિવસોના પગાર એ કોઈ નેચરલ કોન્સીકવન્સીસ નથી કોઈપણ કમદાર છુટાં થયા બાદ બેકાર રહેલ છે તે સાબિત કરવાની જવાબદારી જે તે કામદારની છે.વધુમાં પડેલા દિવસોના પગાર અંગે નિર્ણય કરતી વખતે અદાલતે કામદારએ કામ શોધવા કરેલ પ્રયત્નો,કામદારનું કવોલીફીકેશન,કામ મળવાની શકયતાઓ,લેન્થ ઓફ સર્વિસ તેમજ સંસ્થાની આર્થિક પરિસ્થિતિ ધ્યાને લઈ વિવેક બુધ્ધિપુર્વક નિર્ણય કરવાનો રહે છે,વધુમાં આ કામના બીજા પક્ષકારને ૨૦૧૨ માં છુટા કરવામાં આવેલ છે એટલે કે,તેઓની નોકરીનો અંત ૧૧ વર્ષ અગાઉ આવેલ છે અને આ સમય દરમ્યાન બીજા પક્ષકાર ધ્વારા સંસ્થામાં કોઈ કામગીરી કરેલ નથી તેમજ છુટા થયા બાદ તેઓને નોકરી નહી મળેલ હોય કે તેઓ બેકાર રહેલ હોય તેવો આધારભુત પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને તેઓની કામગીરીનો પ્રકાર તથા આવડત ધ્યાને લેતા તેઓ કરતા હતા તેવું કામ મળવાનું અશકય હોવાનું પણ જણાતુ નથી તેમજ આ કામના પ્રથમ પક્ષકારના કારણે રેફરન્સનો નિર્ણય આવાવામાં કોઈ વિલબં થયેલ હોવાનું પણ રેકર્ડ જોતા જણાતુ નથી તેમજ બીજા પક્ષકારને જેટલો સમય કામ કરવામાં આવેલ છે તેટલા સમયનો પગાર પ્રથમ પક્ષકાર દવારા ચુકવી દેવામાં આવેલ છે તેઓને કોઈ બાકી પગાર રહેલ હોવાની કોઈ હકીકત બીજા પક્ષકાર દવારા જણાવામાં આવેલ નથી જેથી આ તમામ કારણોસર બીજા પક્ષકારને કોઈ પડેલ દિવસોનો પગાર ચુકવવાનો હુકમ કરવાનું ન્યાયોચીત જણાતુ નથી,વધુમાં બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર દવારા તેઓને નોકરીમાંથી છુટા કરવા ને કારણે તેઓએ હાલનો રેફરન્સ કરવાની ફરજ પડેલ હોય તેનો ખર્ચ અપાવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય છે,આમ ઉપરોકત તમામ કારણોસર આ કામના બીજા પક્ષકાર ને કોઈ પણ જાતના પડેલ પગાર તથા આનુષાંગિક લાભ સિવાય તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવાની દાદ મંજુર કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાય તેમ હોય આ કામના બીજા પક્ષકાર નોકરી

માં પુન:સ્થાપિત થવા હકદાર થતા હોય જે મુજબ મુદ્દાનં.પ નો જવાબ અંશત:હકારમાં આપી મુદ્દા નં.૬ અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ આથી અંશત: મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે.

(૩) આ કામના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ કોઈ પણ જાતના પડેલ દિવસોના પગાર તથા આનુંષાંગિક લાભ સિવાય પુન:સ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને આ રેફરન્સના ખર્ચના રકમ રૂા.૫૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર) ચુકવવા તેવો હુકમ કરવામાં આવે છે.

(૫) હાલનો રેફરન્સ/એવોર્ડ મદદનીશ શ્રમ આયુકતશ્રી,ગોધરાને પ્રસિધ્ધી માટે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આ હુકમનો અમલ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં કરવાનો રહેશે.

(૭) મદદનીશ શ્રમ આયુકતશ્રી,ગોધરા તરફથી એવોર્ડની નકલ પ્રસિધ્ધ થઈને આવેથી અધિક્ષકશ્રી,લેબર કોર્ટ ગોધરાને તાત્કાલીક નકલ આપવા બાબતે મજુર અદાલત(પધ્ધતિ અને કાર્યરીતી) નિયમો.૧૯૪૭ના નિયમ.૩૨ ની જોગવાઈ અનુંસારની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

**સ્થળ : ગોધરા**
**તા.૨૭/૧૦/૨૦૨૩**

**(હીતેશકુમાર અમરભાઈ મકા)**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત,ગોધરા.**
**GJ01459**